# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર




### ડોલરના ઊંચા ભાવને કારણે વિદેશી આવક પર નભતા ચરોતરના પરિવારોની આર્થિક સ્થિતિમાં ઘણો સુધારો

# ચરોતરમાં આર્થિક તેજી, સખાવતો-રોકાણ વધ્યું

**ચરોતરના મુખ્ય** શહેરો અને તેની આસપાસના વિસ્તારોમાં રિયલ એસ્ટેટ માર્કેટમાં તેજી

(પ્રતિનિધિ) આણંદ તા 15

આણંદ ખેડા જિલ્લામાંથી ઘણા બધા ગામમાંથી વિદેશમાં વસવાટ નોંધપાત્ર પ્રમાણમાં છે. વિદેશની કમાણી માટે ચરોતરવાસીઓનું વિદેશ ગમન છેલ્લા ઘણા વર્ષોથી યથાવત છે. વિદેશ જવા માટે ડોલરની કમાણી જ એકમાત્ર હેતુ છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી ડોલરનું મૂલ્ય સતત વધી રહ્યું છે. તેના પરિણામે હાલમાં ચરોતરવાસીઓમાં ખુબ મોટા પ્રમાણમાં ફાયદો થયો છે. જોકે મૂલ્ય વધવાથી ચરોતરમાં વિવિધ પ્રકારના ફાયદો થવાની સ્થિતિ જોવા મળી રહી છે.

ડોલરનો ભાવ ઊંચો જાય અને તેની સરખામણીમાં રૂપિયાનું મૂલ્ય વધે ત્યારે ચરોતર વિસ્તારના એવા પરિવારોને સીધો ફાયદો થાય છે જેઓ ડોલરની આવક પર નિર્ભર છે. ચરોતરમાં મોટી સંખ્યામાં લોકો વિદેશ (ખાસ કરીને અમેરિકા) માં રહે છે અને તેમના પરિવારને ડોલરમાં પૈસા મોકલે છે. જ્યારે જ્યારે ડોલરની સામે વધારે રૂપિયા મળે ત્યારે વિદેશથી આવતા નાણાંનું રૂપિયામાં મૂલ્ય વધી જાય છે.એન આર આઈ પરિવારના હાથમાં વધુ રૂપિયા આવવાથી તેમની ખરીદશક્તિ વધે છે.ડોલરની આવક વધવાથી



લોકો આ વધારાના રૂપિયાને મોટા પ્રસંગોની ઉજવણી જેવા કે લગ્ન, સગાઈ, કે અન્ય સામાજિક પ્રસંગોમાં લોકો વધારે ખર્ચ કરે છે. કેટલાક લોકો વધારાના નાણાંનો ઉપયોગ જમીન-મિલકત માં રોકાણ કરવા માટે કરે છે. તો કેટલાક પરિવારો ઘરનું રિનોવેશન, નવા વાહનો ખરીદવા પાછળ વધુ ખર્ચ કરે છે.ડોલરના ઊંચા ભાવને કારણે વિદેશી આવક પર નભતા ચરોતરના પરિવારોની આર્થિક સ્થિતિમાં ઘણો બધો સુધારો થાય છે, જેના પરિણામે તેઓ સામાજિક પ્રસંગો અને અન્ય જરૂરિયાતો પાછળ વધુ રૂપિયા ખર્ચવા માટે સક્ષમ બને છે.

### આણંદ - ખેડા જિલ્લાના એનઆરઆઈ પરિવારોની ખરીદશક્તિમાં વધારો થયો

ડોલરનો ભાવ ઊંચો જવાથી ચરોતરમાં મિલકતો (રિયલ એસ્ટેટ) માટેનું રોકાણ વધે છે. ચરોતરવાસીઓની ખરીદશક્તિમાં વધારો થયો છે. ડોલરનો ભાવ વધતા વિદેશમાં રહેતા ચરોતરવાસીઓ (NRI) જ્યારે પોતાના વતનમાં પૈસા મોકલે છે, ત્યારે તેમને રૂપિયામાં વધુ રકમ મળે છે.વધારે રૂપિયા મળવાથી, તેઓ જમીન, પ્લોટ કે રહેણાંક મિલકત ખરીદવા માટે મોટું બજેટ ફાળવે છે, NRI લોકો રિયલ એસ્ટેટ ને સૌથી સુરક્ષિત અને ભાવિ વૃદ્ધિ આપતું રોકાણ માને છે. ચરોતરમાં રોકાણ કરવાથી તેમને તેમના વતન સાથેનું જોડાણ પણ જળવાઈ રહે છે, ચરોતરના મુખ્ય શહેરો અને તેની આસપાસના વિસ્તારોમાં રિયલ એસ્ટેટ માર્કેટ માં તેજી જોવા મળે છે, અને આ રોકાણના કારણે મિલકતોના ભાવમાં પણ વધારો થાય છે. કૃષિ જમીન, રહેણાંક ફ્લેટ, કે કોમર્શિયલ પ્રોપર્ટી પર વધુ રોકાણ થવા પામે છે.

### ચરોતરના સામાજિક અને સાંસ્કૃતિક પાસાં પર પણ ડોલરના ભાવનો પ્રભાવ

ડોલરની મુલ્ય વધવાથી સામાજિક અને સાંસ્કૃતિક પાસાં પરની પણ અસર થઈ છે. આર્થિક સધ્ધરતામાં વધારો થવાથી ડોલર પર નિર્ભર પરિવારોમાં સામાજિક દરજ્જો પણ વધે છે. આર્થિક સધ્ધરતાના પ્રદર્શન માટે લગ્ન કે અન્ય પ્રસંગોમાં મોટો અને વૈભવી ખર્ચ કરવાની પ્રથા વધે છે. NRI ની આવક વધવાથી અને તેમનું વતનમાં આવન-જાવન વધવાથી, પશ્ચિમી જીવનશૈલી અને સંસ્કૃતિનો પ્રભાવ સ્થાનિક રીતરિવાજો, ફેશન અને જીવનશૈલીમાં ફેરફાર થાય છે.

### NRI સમુદાય તેમના પૈતૃક ગામોમાં શાળાઓ, આરોગ્ય કેન્દ્રો, અને ધાર્મિક સ્થાનો માટે સખાવત

ડોલરની આવકથી મળતા ફાયદા અને આર્થિક સમૃદ્ધિ જોઈને ચરોતરના યુવાનોમાં વિદેશ જવાનું આકર્ષણ વધુ મજબૂત બનેલ છે.તો અગાઉથી સમૃદ્ધ પરિવારો અને NRI સમુદાય તેમના પૈતૃક ગામોમાં શાળાઓ, આરોગ્ય કેન્દ્રો, અને ધાર્મિક સ્થાનો માટે ઉદારતાપૂર્વક દાન આપે છે, જે આ વિસ્તારની સાંસ્કૃતિક અને સામાજિક માળખાને જાળવવામાં મદદ કરે છે.ડોલરની ઊંચી કિંમત એન આર આઈ પરિવારો વધુ ધનવાન બનાવે છે, પરંતુ સાથે જ સામાજિક પરિવર્તન, સાંસ્કૃતિક મિશ્રણ અને યુવાનોમાં વિદેશ ગમન એટલે કે સ્થળાંતર માટે ઉત્સાહમાં વધારો કરે છે.

# આણંદ શહેરના મુખ્ય બજારની 13 દુકાન હટાવવા મનપાની નોટિસ

**કરમસદ - આણંદ** મનપા દ્વારા ટૂંકી ગલીથી મહાત્મા ગાંધી સ્ટેચ્યુ સુધીના દુકાનદારોને 10 દિ'ની મહેતલ આપી

(પ્રતિનિધિ) આણંદ તા. 16

કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા વધુ 13 દુકાનો તોડી પાડવા માટે નોટિસ ફટકારી છે. આ વખતે ટુંકી ગલીથી મહાત્મા ગાંધી માર્ગ પર આવેલી 13 જેટલી દુકાનના વેપારીને 10 દિવસની મહેતલ આપવામાં આવી છે.

કરમસદ - આણંદ મનપાના કમિશનરની સૂચના મુજબ મહાનગરપાલિકા વિસ્તારમાં જાહેર રસ્તાઓ ઉપર કરવામાં આવેલા બાંધકામ દબાણ દૂર કરવા અંગેની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે અને આ માટે જે તે દબાણ કરતાંને કાયદાના જોગવાઈની આધીન લેખિતમાં નોટિસ પણ આપવામાં આવી રહી છે. આ અંતર્ગત કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા ટીપી સ્કીમ નંબર 1માંથી પસાર થતા 15.24 કિલોમીટરના ટીપી રોડ આણંદ ટૂંકી ગલીથી મહાત્મા ગાંધી સ્ટેચ્યુ સુધી સાર્વજનિક રોડ ઉપર 13 દુકાનદારો દ્વારા બાંધકામ કરવામાં આવ્યું છે. જે બાંધકામ દબાણ હોઈ, આ બાંધકામ દબાણ દૂર કરવા માટે ગુજરાત પ્રોવિનશિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ 1949 તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ 1976 અંતર્ગત નોટિસ આપવામાં આવી છે. આ નોટીસ મળ્યા ના 10 દિવસમાં સાર્વજનિક રોડ ઉપર કરવામાં આવેલા બાંધકામ દબાણ જે તે કબજેદાર, દુકાનદાર દ્વારા દૂર કરવામાં નહીં આવે તો કરમસદ આણંદ - મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા કાયદાની જોગવાઈઓને આધીન રહી દબાણ દૂર કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે અને તે અંગેનો તમામ ખર્ચ જે તે કબજેદાર પાસેથી વસૂલ કરવામાં આવશે. જેની ગંભીર નોંધ લેવા માટે મહાનગરપાલિકાના એસ્ટેટ ઈન્સ્પેક્ટર દ્વારા આપવામાં આવેલ નોટિસમાં જણાવવામાં આવ્યું છે.




## સંતરામપુરમાં એસટી બસ ટકકરે વૃદ્ધાનું મોત

(પ્રતિનિધિ) સંતરામપુર તા.16

સંતરામપુરના હિરાપુર ગામમાં રહેતા વિરાભાઈ રૂપાભાઈ રાવળના બહેન સુખલીબહેન સોમાભાઈ રાવળ (ઉ.વ.67) મજુરી કામ કરતાં હતાં. દરમિયાનમાં 15મી ડિસેમ્બરના રોજ સવારના સુખીબહેનનો વાજીયાખુંટ ગામના જુના બસ સ્ટેન્ડ નજીક એસટી બસ ટક્કરે અકસ્માત થયો હતો. આથી, વિરાભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યાં હતાં. જોકે, તે પહેલા સુખીબહેનનું મોત નિપજ્યું હતું. આ અંગે પુછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, ઝાલોદથી ગાંધીનગર જતી એસટી બસ નં.જીજે 18 ઝેડટી 2197ના ચાલકે પુરઝડપે બસ ચલાવી રોડની સાઈડમાં ઉભેલા સુખલીબહેનને ટક્કર મારી હતી. આ અકસ્માત સર્જી બસ ચાલક વાહન લઈને સંતરામપુર તરફ જતો રહ્યો હતો. આ અંગે વિરાભાઈએ સંતરામપુર પોલીસ મથકે બસ ચાલક સામે ફરિયાદ આપી હતી.

## મહેમદાવાદમાં આખલાની લડાઇમં એક પંચકુટી વાવમાં પડતાં મોત





મહેમદાવાદના બજાર વિસ્તારમાં આવેલ વાવ ફળિયા પાસે આખલાઓની આ બેકાબૂ લડાઈએ નગરજનોના જીવ તાળવે ચોંટાડી દીધા હતા. આ આખલાનું યુદ્ધ ચરમસીમાએ પહોંચ્યું હતું. દરમિયાન એક આખલાએ બીજા આખલાને જોરદાર ભેટી મારીને રીતે ઉછાળ્યો હતો. આ શક્તિશાળી હુમલાને કારણે તે આખલો ઊંચેથી નીચે આવેલી પંચકુટી વાવમાં પટકાયો હતો. આટલી ઊંચાઈ પરથી નીચે પટકાવાને કારણે આખલાનું મોત નીપજ્યું હતું. આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને નગરપાલિકાની ટીમ સત્વરે ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃત આખલાને વાવમાંથી બહાર કાઢ્યો હતો. જો કે, આ કામ માટે પાલિકાના કર્મચારીઓને ભારે જહેમત ઉઠાવી પડી હતી. આખલાનું વજન વધુ હોવાથી, તેને વાવમાંથી બહાર કાઢવા માટે ક્રેનની મદદ લેવી પડી હતી. લાંબી જહેમત બાદ મૃત આખલાને વાવમાંથી બહાર કાઢી શકાયો હતો.

# રીંઝા પાસે નદી પર 110 કરોડના ખર્ચે બ્રિજ બનશે

**સાબરમતી** નદીના સામે કિનારે જવા માટે અન્ય કોઇ રસ્તો ન હોવાથી વાવણી સહિતના કામો માટે પડતી મુશ્કેલી દુર થશે

(પ્રતિનિધિ) તારાપુર તા. 15

તારાપુરના રીંઝા, નભોઈ, પચેગામ અને દુગારી ગામ અન્ય કેટલાક ગામોના ખેડૂતોની જમીન સાબરમતી નદી આસપાસ હોવાથી બે ભાગમાં વહેંચાઇ ગયેલી છે. એક હજાર કરતાં વધુ ખેડુતોને ખેતી માટે આવવા જવામાં ઘણી બધી હાલાકી ભોગવવી પડતી હતી. જોકે તાજેતરમાં જ રીઝા પાસે સાબરમતી નદી પર પૂલ બનાવવા માટે 110 કરોડ જેટલી માતબર રકમની ફાળવણી થતાં ખેડૂતોમા આનંદની લાગણી પ્રસરી ગઈ છે .

તારાપુર તાલુકાના રીઝા ગામ સહિત અન્ય ગામમાં વસવાટ કરતા લોકોને સામે કિનારે જવા માટે હાલમાં કોઈ રસ્તો નહીં હોવાથી ખેડૂતો ટ્રેકટર જેવા વાહનો લઈને જઈ શકતાં ન હતા. જેથી ખેડૂતોએ સોજિત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલને મળીને રજૂઆત કરી હતી. ધારાસભ્ય વિપુલભાઈ પટેલ ધ્વારા સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. જેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રીંઝા પાસે રૂ 110 કરોડના ખર્ચે બ્રિજ બનાવવાની મંજૂરી આપતા ખેડૂતોમાં આનંદ વ્યાપી ગયો છે. જોકે હાલમાં સાબરમતી નદીના સામે કિનારે જવા માટે અન્ય કોઈ રસ્તો ન હોવાથી શિયાળુ પાકની વાવણી કરવા માટે જીવના જોખમે નદી પાણીમાં પડી જવું પડી રહ્યું છે. તેમજ વાહનો લઈને જઈ શકાતું નથી.

# બોરસદ તા. પંચાયતની કણભા બેઠક પર દાવેદારોને જાતિ પ્રમાણપત્ર માટે અવઢવ

**એસટી** મહિલા અનામત જાહેર થતાં આંતરજ્ઞાતિય લગ્ન કરેલા પતિઓએ પત્નિને ચુંટણીમાં ઉતારવા તૈયારી શરૂ કરી

(પ્રતિનિધિ) બોરસદ તા 16

બોરસદ તાલુકા પંચાયતની 34 બેઠકો માટે આગામી સમયમાં યોજાનાર ચૂંટણીને અનુલક્ષી રોટેશન મુજબ બેઠકોની ફાળવણી જાહેર કરી દેવામાં આવી છે. જોકે આ રોટેશન મુજબ કણભા તાલુકા પંચાયત બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી જાહેર કરવામાં આવી છે. કણભા તાલુકા પંચાયત મત વિસ્તારમાં અનુસુચિત આદીજાતિ મતદાર નહીંવત હોવા છતાં કણભા બેઠકને અનુસૂચિત આદિજાતિ સ્ત્રી જાહેર કરવાના નિર્ણય સામે બેઠકમાં સમાવિષ્ટ ગ્રામજનોમાં ભારે નારાજગી ફેલાઈ છે. જોકે ચુંટણીમાં ઝંપલાવવા ઈચ્છતા દાવેદારોએ જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે પંચમહાલ અને છોટાઉદેપુર જિલ્લામાં દોડધામ શરૂ કરી દીધી છે.

તાલુકા પંચાયત બોરસદની કણભા બેઠક ચૂંટણી પંચ દ્વારા રોટેશન મુજબ એસટી(આદિજાતિ) સ્ત્રી માટે ફાળવ્યા અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરાતા કણભા અને દીવેલના ગ્રામજનોમાં નારાજગી સાથે રોષની લાગણી ફેલાઈ છે. એસટી બેઠક રદ કરવાની માંગણી સાથે ગામલોકો બેઠકનો પ્રકાર બદલવા સૂર વ્યકત કરી રહ્યા છે. કણભા તાલુકા પંચાયત બેઠકમાં સમાવિષ્ટ કણભા અને દીવેલ ગામનો વિકાસ રુંધાય તેમ છે. અનુસુચિત આદીજાતિ સ્ત્રી સિવાયના અન્ય સ્થાનિક ઉમેદવારોને પ્રતિનિધિત્વ કરવાની તક મળી શકે તેમ નથી. હાલમાં કણભા બેઠકના મતદારો પૈકી નહીંવત સંખ્યામાં જ આદિવાસી મતદાર છે. જોકે કેટલાક ગ્રામજનોએ પંચમહાલ કે છોટાઉદેપુર જિલ્લામાં વતન ધરાવતી અનુસુચિત આદીજાતિની સ્ત્રીઓ સાથે આંતરજ્ઞાતિય લગ્ન કરેલા હોવાથી તેમના પત્નિને ચુંટણી જંગમાં ઉતારવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી હોવાનું જાણવા મળેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે કણભા તાલુકા પંચાયત બેઠકમાં સમાવિષ્ટ દીવેલ ગામની સરપંચની બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત જાહેર કરવામાં આવી હતી. ગ્રામ પંચાયત સરપંચની ચુંટણીમાં માત્ર અનુસુચિત આદીજાતિની બે મહીલાઓ જ મતાધિકાર ધરાવતી હતી. તેઓ બન્ને સરપંચ માટે ચુંટણીમાં ઝંપલાવ્યું હતું. જોકે કણભા તાલુકા પંચાયત બેઠકની ચૂંટણી માટે કણભા ગામમાંથી અનુસુચિત આદીજાતિ સ્ત્રીની શોધખોળ માટે રાજકીય પક્ષોના આગેવાનોએ ચહલપહલ શરૂ કરી છે. તેમજ જરૂરી જાતિ પ્રમાણપત્ર વહેલી તકે મળે તે માટે પિયરમાંથી પુરાવાઓ મેળવવા તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. જોકે ઉમેદવારો અંગે છેક છેલ્લી ઘડી સુધી અવઢવ રહેવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

# આણંદમાં પારો 13 ડિગ્રી હિમપવનથી લોકો ઠુંઠવાયા

**લઘુત્તમ તાપમાનનો** પારો હજી નીચે જશે અને જિલ્લાવાસીઓને કાતિલ ઠંડીનો સામનો કરવો પડશે

(પ્રતિનિધિ) આણંદ તા 16

આણંદ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી લઘુતમ તાપમાનનો પારો સતત નીચે જઈ રહ્યો છે. આજે પણ લઘુતમ તાપમાનમાં 1 ડી.સે.નો ઘટાડો નોંધાતા જિલ્લામાં શીતલહેર ફરી વળી હતી. આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનનો પારો હજી નીચે જશે અને જિલ્લાવાસીઓને કાતિલ ઠંડીનો સામનો કરવો પડશે તેવી સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

આણંદ કૃષિ યુનિ.ના હવામાન વિભાગના જણાવ્યા મુજબ જિલ્લાનું મહત્તમ તાપમાન 30 ડી.સે. અને લઘુત્તમ તાપમાન 13 ડી.સે. નોંધાયું હતું. જ્યારે હવામાં ભેજનું પ્રમાણ 78 ટકા, પવનની ઝડપ 3.8 કી.મી./કલાક રહી છે. લઘુત્તમ તાપમાનમાં હજુ પણ આવતીકાલે ક્રમશઃ ઘટાડો નોંધાશે અને જિલ્લામાં કાતીલ ઠંડી પડશે તેવી સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

ઉત્તર ભારતમાં હિમવર્ષા થતા તેની સીધી અસરને લઈ ઠંડા પવનો ફૂંકાવાના કારણે જિલ્લાવાસીઓએ ઠંડીનો અનુભવ કર્યો હતો. લઘુત્તમ તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. જેને પગલે પુનઃ એકવાર જિલ્લાવાસીઓ ઠંડીનો ચમકારો અનુભવી રહ્યાં છે. ઠંડીનું જોર વધતા નાગરિકોને ઠંડીથી રક્ષણ મેળવવા ગરમ વસ્ત્રો તેમજ સ્કાર્ફ ધારણ કરવાની ફરજ પડી છે.

# વડતાલધામમાં સ્વામિના. મહામંત્રના 224મા પ્રાગટ્યોત્સવ ઉજવાયો

**લાલજી મહારાજે** મહામંત્રનો મહિમા સમજાવ્યો અને સંતોએ મહામંત્રની આરતી ઉતારી

(પ્રતિનિધિ) આણંદ તા.16

સ્વામિનારાયણ સંપ્રદાયના અક્ષરધામ તુલ્ય વડતાલધામ ખાતે સુફલા એકાદશીના શુભદિને સ્વામિનારાયણ મહામંત્રના 224મા પ્રાગટ્યોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સવારે 7થી સાંજના 7 વાગ્યા સુધી અખંડ મહામંત્રની ધૂન યોજવામાં આવી હતી. જ્યારે લાલજી સૌરભપ્રસાદજી મહારાજે શ્રીહરિ તથા મહામંત્રનું પૂજન કર્યું હતું.

વડતાલ ટેમ્પલ બોર્ડના ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, મંદિર પરિસરમાં ગોઠવાયેલા પૂજનમંચ પર હરિકૃષ્ણમહારાજની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. જેના પ્રારંભમાં લાલજી સૌરભપ્રસાદજી મહારાજે શ્રીહરિ તથા મહામંત્રનું પૂજન કર્યું હતું. લાલજી મહારાજે મહામંત્રનો



મહિમા સમજાવ્યો હતો અને સંતોના હાથે ઠાકોરજી અને મહામંત્રની આરતી ઉતારવામાં આવી હતી. બાદમાં મહામંત્ર પોથીનું પૂજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચેરમેન ડો. સંત સ્વામી, ભજનાનંદી સ્વામી, વલ્લભ સ્વામી, ગોવિંદસ્વામી (મેતપુરવાળા), શાસ્ત્રી બ્રહ્મસ્વરૂપ સ્વામી, ભાય સ્વામી, હરિઓમ સ્વામી (પાઠશાળા) સત્યનારાયણ સ્વામી, રામપ્રકાશ સ્વામી, સંત બાલ સ્વામી (અથાણાવાળા), સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ, સંતો, પાર્ષદો ઉપરાંત પાર્ષદ વિઠ્ઠલભગત, બાબુ ભગત વગેરે 40થી વધુ સંતોએ પૂજન - અભિષેક મંત્ર લેખનનો લાભ લીધો હતો.

આ ઉપરાંત ચેરમેન ડો. સંત સ્વામી તથા વલ્લભ સ્વામીએ મહામંત્રનો મહિમા સમજાવ્યો હતો. જયારે શ્યામવલ્લભ સ્વામીએ વડતાલધામમાં ચાલતી કાયમી અખંડ ધૂનનો ઉલ્લેખ કર્યો હતો. વડતાલ ધામમાં ચાલતી અખંડ ધૂનનો પ્રારંભ 7મી ઓક્ટોબર, 2006 આસો પુનમના રોજ સવારે 8 કલાકે થયો હતો. જેને આજે કુલ 1,68,072 કલાક થયા છે અને કુલ દિવસ 7003 થયા છે. જયારે ઓનલાઈન મહામંત્રનો પ્રારંભ 18મી નવેમ્બર, 2015ના રોજ થયો હતો. જેને આજે 9 વર્ષ 11 માસ અને 27 દિવસ થયા છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

**મો. 99250 30225, મો. 99255 50225**